# સમૃદ્ધ વ્યક્તિત્વનો આલેખ ડૉ. નલિની દેસાઈ

[**ભર્યું ભર્યું અસ્તિત્વ** : ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, પ્ર. લે. પોતે, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૭, પૃ. ૨૮૮, કિં. રૂ. ૧૭૦]

ગુજરાતના જાણીતા વિદ્વાન કે. કા. શાસ્ત્રીનું ૨૦૦૬માં ૧૦૨ વર્ષની વયે અવસાન થયું. તેઓ સંસ્કૃત વ્યાકરણ, કાવ્યો અને વેદાંતનું શિક્ષણ પામેલા. 'પ્રજાબંધુ' સાપ્તાહિકના તંત્રી તરીકે તેમણે સેવાઓ આપી અને ગુજરાત વિદ્યાસભામાં સંશોધક તરીકે દાખલ થઈને ઉત્તમ ગ્રંથો આપ્યા. તેમને ઘણાં બધાં માનસન્માન પણ મળ્યાં છે. ૧૦૧ વર્ષની જીવનયાત્રા દરમિયાન ૨૫૦ જેટલાં પુસ્તકોનું સર્જન એમણે કર્યું છે.

સ્વ. શાસ્ત્રીજી વિશેના નાંદી વિભાગમાં જે લખાયું છે તે જોઈએ :

'આજની વાતે 'દાદાજી' દિવંગત પણ આપણા સૌના સ્મરણે, હયાત, જીવંત છે, જ. પત્રલેખકની માફક જ ઊંડી અનુભૂતિના ઉદ્‌ગાર સતત દેખાયા કરે છે. અક્ષરમાં જ નહિ, સમગ્ર વાતાવરણમાં એમના ભર્યા ભર્યા અસ્તિત્વની આ અનુભૂતિ છે – એવી કે જેમાં શાસ્ત્રીજીના હોવાપણાની પ્રતીતિ થાય છે અને 'શાસ્ત્રીજી અમર રહો', 'જબ તક સૂરજ ચાંદ રહેગા, શાસ્ત્રીજી આપ કા નામ રહેગા'ના નારા, હોંકારા, ઘોષણાનો ગણગણાટ થયા કરે છે.'

કે. કા. શાસ્ત્રીજીનું વ્યક્તિત્વ કેવું હશે તેની પ્રતીતિ આ શબ્દોથી થાય છે.

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા કે. કા. શાસ્ત્રીજીના અભ્યાસી છે. પુસ્તકના અંતે તેમણે શાસ્ત્રીજીનાં પુસ્તકોની યાદી મૂકી છે, થોડા ફોટોગ્રાફ્સ મૂક્યા છે. પરિણામે શાસ્ત્રીજી જીવંત થતા લાગે છે. શબ્દ દ્વારા તો તેમની જીવંતતા દેખાય જ છે. હવે પછીની આવનાર પેઢીને કે. કા. શાસ્ત્રી કોણ ? એવો પ્રશ્ન થાય તો તેમને માટે આ પુસ્તક ઘણું જ ઉપયોગી છે.

ખંડ-૧માં શાસ્ત્રીજીના જન્મથી માંડીને તેમના જીવનનો પરિચય આપ્યો છે. અધ્યાપક કે. કા. શાસ્ત્રી, સંશોધક કે. કા. શાસ્ત્રી, નાટ્યક્ષેત્રે તેમણે કરેલું પ્રદાન, શાસ્ત્રીજીના કેટલાક ગ્રંથો વિશે સંક્ષિપ્ત માહિતી, તેમણે શતાયુ વર્ષમાં પ્રવેશ કર્યો તે પ્રસંગ – આ બધાં જ પાસાં અહીં જોવા મળે છે. એમના રોજિંદા જીવનનાં રહસ્યો પણ અહીં ખૂલ્યાં છે. લેખક લખે છે, 'શાસ્ત્રીજીને તમે એમના સ્વાસ્થ્યનું રહસ્ય પૂછો એટલે તમને સૂત્ર આપે 'કમ ખા, ગમ ખા.'

આખો દિવસ સતત દસ-બાર કલાક કામ કરતા શાસ્ત્રીજી બપોરે એક રોટલી; સાંજે બે રોટલી, શાક અને દૂધ લે છે. આટલા કલાક કામ કરવા માટે વધુ આહાર લેવાની જરૂર છે એ માન્યતા શાસ્ત્રીજી ખોટી પાડે છે. 'ગમ ખા' એ વાત શાસ્ત્રીજીના સ્વભાવનો જ એક ભાગ છે !

આવા તો ઘણા તેમના જીવનવ્યવહાર સાથે વણાઈ ગયેલા પ્રસંગો અહીં મૂકી આપ્યા છે. આરંભના ખંડમાં તેમણે શરૂઆતમાં જે સંઘર્ષ કર્યો તેનું બયાન કર્યું છે. એમને મળેલી પદવીઓ, એવૉર્ડ, માનપત્ર, ચંદ્રકો આ બધાંની યાદી પણ શાસ્ત્રીજીની વિદ્વત્તા કેવી હતી તેના પુરાવારૂપ છે.

શાસ્ત્રીજીનું ધર્મોપાસક ચિત્ર બીજા પ્રકરણમાં દોરાયું છે. તેઓ તેમના આચાર-વિચારમાં બહુ જ સ્પષ્ટ હતા.. શાસ્ત્રીજી પરમ વૈષ્ણવ હતા. તે પ્રમાણે એમનો વ્યવહાર તેઓ કરતા હતા. તેઓ સંસ્કૃતિ, ઇતિહાસ ઉપરાંત સંસ્કૃતવિદ્યા, ગુજરાતી ભાષા, સાહિત્ય, વ્યાકરણ, કોશ, છંદ આ બધામાં તેમની વિદ્વત્તા હતી.

શાસ્ત્રીજીને સંસ્કૃતના પાઠ બાળપણથી જ મળેલા. પિતાજી સાથે સંસ્કૃત પાઠશાળામાં જાય. વળી તેમનો જીવ સંશોધકનો. તેમણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઘણાબધા સર્જકોનાં પુસ્તકોનું સંશોધન-સંપાદન કર્યું છે. બાળપણથી જ શ્રીકૃષ્ણના રંગે રંગાયેલા. ચુસ્ત મરજાદી ધરમ પાળે.

કોઈ પણ સર્જક કે તેની કૃતિ ઉપર સંશોધન કરે તે પૂરી ચોકસાઈથી. 'દયારામની કૃતિઓનો રચનાક્રમ' એ લેખમાં દયારામની કૃતિઓનો રચનાક્રમ, ન હોય ત્યાં નકલ થયાનું વર્ષ વગેરેને પણ તેઓ ધ્યાનમાં લે છે. તે જ રીતે નરસિંહ મહેતાના જન્મસમય માટે તેમનો અભિપ્રાય જોઈએ,

'બસો વર્ષના ગાળામાં તો ભાષાપરિવર્તનના નિયમ પ્રમાણે ગુજરાતી ભાષા બદલાઈ ચૂકી હતી. તે નરસૈંની ભાષા અને શૈલીનો અભ્યાસ કઈ રીતે કરવો ?'

એ માટે શાસ્ત્રીજીનો લેખ જોવો જ પડે. આવાં તો અનેક સંશોધનો તેમણે કર્યાં છે. 'આપણી જલયોજનાઓ', 'સૌરાષ્ટ્રનો સમુદ્રકાંઠો' જેવા લેખો તેમનાં ભૂતલનિરીક્ષણ-શક્તિનો પરિચય કરાવે છે.

'કેટલાંક સ્મરણો'માં લેખકે શાસ્ત્રીજી સાથે પસાર કરેલો સમય અને તે વખતનાં સ્મરણો પણ તેમાંયે વાત તો અભ્યાસની, સંશોધનની જ હોય. પાર્વતી-બા સાથેનાં સ્મરણો, શાસ્ત્રીજીની વિલક્ષણતાનો પરિચય – ટૂંકમાં આ પ્રકરણમાં લેખકે શાસ્ત્રીજી સાથે કેવી સુખદ પળો વિતાવી હતી તેનાં સ્મરણો તેમણે તાજાં કર્યાં છે.

શાસ્ત્રીજી મૂળે સંશોધકનો જીવ. તેમણે મધ્યકાલીન સાહિત્યમાં ખૂબ સંશોધન કર્યું છે. હસ્તપ્રતો એકઠી કરીને તેનું સંપાદન કરીને કે. કા. શાસ્ત્રીએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને વધુ સમૃદ્ધ કર્યું છે તેમ લેખકે લખેલા 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ કે. કા. શાસ્ત્રી'વાળા લેખમાં જોવા મળે છે.

શાસ્ત્રીજી એટલે ભાષાવૈજ્ઞાનિક પણ ખરા. ભાષાની શબ્દોના મૂળ સુધી પહોંચવાની તેમની અવિરત યાત્રા ચાલુ જ હોય. ઇતિહાસ શાસ્ત્રીજીના રસનો વિષય. ચીવટ, ચોકસાઈ, ક્યાંય પણ વિગતદોષ ન ચાલે તેવા શાસ્ત્રીજી વિદ્યાર્થીઓને જ્યારે માર્ગદર્શન આપે ત્યારે પિતૃભાવ પણ રાખે.

શાસ્ત્રીજીનું પ્રદાન નાટ્યક્ષેત્રે પણ નાનુંસૂનું નથી. 'કૌલ પરાજય', 'અજેય ગોરીશિખર', 'ખાનદાન લોહી' અને 'સહકારમાં સહકાર' – વિવિધ વિષયોને નિરૂપતી લઘુનાટિકાઓ છે. તેઓ નાટકના અનુવાદ કરતી વખતે તત્સમ, તળપદા અને અન્ય ભાષાના સંપર્કે આવેલા શબ્દો, તેની લઢણો સરસ રીતે પ્રયોજે છે – આવું ઘણુંબધું અહીં પિરસાયું છે. કૃષ્ણકાન્ત કડકિયા શાસ્ત્રીજીના સાહિત્યક્ષેત્રે થયેલા દરેક પ્રદાનને સૂક્ષ્મતાથી સ્પર્શી, જાણી-પિછાણીને આલેખન કરે છે.

'કે. કા. શાસ્ત્રીજી'ના કેટલાક ગ્રંથો એ શીર્ષક અંતર્ગત લખાયેલ પ્રકરણમાં ૨૬ જેટલા ગ્રંથોનો સંક્ષિપ્ત અભ્યાસ કર્યો છે. એમાં જે પસંદગી પામેલા ગ્રંથો છે તેમાં મધ્યકાલીન સાહિત્ય, અમેરિકાના આદિમ વસાહતીઓ, સંસ્કૃતિદર્શન, ઇતિહાસ, પુરાતત્ત્વ – આ બધા વિષયો ઉપર કરેલા શાસ્ત્રીજીનાં સંશોધનો અહીં આલેખાયાં છે. સામાન્ય વાચકને શાસ્ત્રીજીની અભ્યાસનિષ્ઠા

કેવી હતી તેની પાયાની માહિતી મળી રહે.

શાસ્ત્રીજી એટલે શ્રીકૃષ્ણના પરમ ભક્ત. હવેલીમાં નિયમિત દર્શન કરવા જતા શાસ્ત્રીજી જ્યાં પણ પ્રવાસમાં હોય ત્યાં તેમનો હરિ તેમની સાથે જ હોય. તેમણે અમેરિકાનો પ્રવાસ બે વાર કર્યો છે – જીવ સંશોધનનો. પરિણામે જે જે સ્થળે ફર્યા તેનો ઇતિહાસ અને ત્યાંની સંસ્કૃતિ જાણવામાં તેમને વિશેષ રસ. સંશોધનના માણસ પ્રકૃતિનું દશ્ય જોઈને પણ કેટલા પરિપ્લાવિત થાય છે, પ્રશાંત મહાસાગરને જોતાં તેમના મનમાંથી નીકળેલા ઉદ્ગારો જોઈએ : ‘આજનો દિવસ મારે માટે એક મહત્ત્વના આનંદનો હતો... બરોબર સ્થાનિક ૬.૩૦ સાંજના સમયે પશ્ચિમ દિશામાં પથરાયેલા વિશાળ મહાસાગરનાં દર્શન એ મારા જીવનની ધન્ય પળો હતી. દસેક મિનિટ સુધી ભેખડ ઉપર ઊભા રહી મહાસાગરનાં દર્શનનો લહાવ લીધો... સૂર્યનાં કિરણોનાં પ્રતિબિંબનાં તો સાગરની સપાટીની ચાદર પર દર્શન થયાં.’

આમ પ્રકૃતિસૌન્દર્યમાં વર્ણનો પણ ઠેર ઠેર આલેખાયાં છે.

ભાષાવિજ્ઞાન તેમનો મનગમતો વિષય. ગુજરાતી ભાષા હોય કે ભારતીય ભાષા તેઓ ક્યાંક એ ભાષાની સગાઈ શોધવાનો પ્રયત્ન પણ કરે.

આરંભે લખાયેલું નાંદી શાસ્ત્રીજીની જીવંત છબી ઉપસાવી આપે તે રીતે લખ્યું છે. આ આખું પુસ્તક જાણે શાસ્ત્રીજીના અસ્તિત્વથી ભરેલું છે. તેઓ હજી પણ બધા વચ્ચે ક્ષર નહિ તો અક્ષર દેહે તો જીવંત છે જ.

શાસ્ત્રીજીના સમગ્રલક્ષી અભ્યાસને કૃષ્ણકાન્ત કડકિયાએ ‘ભર્યું ભર્યું અસ્તિત્વ’માં આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. શાસ્ત્રીજીનું કાર્યક્ષેત્ર એટલા મોટા ફલક ઉપર પથરાયેલું હતું કે દરેક વસ્તુ કદાચ ન આવરી શકાઈ હોય પણ તેમનો શાસ્ત્રીજી વિશેનો અભ્યાસ ઊંડો છે તેની સાબિતી આ પુસ્તક જરૂર આપે છે.

પુસ્તક સમગ્રને જોતાં શાસ્ત્રીજીના બાળપણથી માંડીને તેમના ૧૦૨ના વર્ષને જાણે કે નજીકથી નિહાળી શકાય છે. વિશ્વહિંદુ પરિષદના કાર્યકર હોય કે સાહિત્યકાર, ભાષાસંશોધક હોય કે નાટ્યકાર, શિક્ષક હોય કે વ્યવહારદક્ષ માનવી શાસ્ત્રીજી હંમેશાં જીવંત રહેશે તેમનાં અક્ષરકાર્યથી.